શિક્ષણ સેવા સંરક્ષણ

સપ્ટેમ્બર–૨૧ વર્ષ : ૫૮



તંત્રી : વિરેન શાં. ધોળકિયા
મો. ૯૪૨૮૭૦૦૧૦૫ (WhatsApp)

બરછી કાર્યાલય C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ,
કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
email : barchhi@rediffmail.com
www.barchhi.com



## આવી આ નોરતાંની રાત...

રંગે રમવા રાસે રમવા,
ચાલ સહિયરૂં સંગાથ,
આવી હો...આવી આ નોરતાંની રાત.
શક્તિને પૂજતી ભાવથી ભીંજાતી
રમવા રઢિયાળી રાત...
આવી આ નોરતાંની રાત.
ચાચરના ચોકમાં ને ગબ્બરના ગોખમાં,
જામ્યો છે રાસ રંગરાજ...
આવી આ નોરતાંની રાત.
ગરબાના ગાને,તાળીઓના તાલે,
સખીઓ બની છે મસ્તાન...
આવી આ નોરતાંની રાત.
રંગે રમવા રાસે રમવા,
ચાલી સહિયરૂં સંગાથ...
આવી હો...આવી આ નોરતાંની રાત.

શ્રીમતી મૃદુલા કનકરાય વછરાજાની
ગાંધીનગર.(કકબ સપ્ટેમ્બર–૧૯૭૨)

## શ્રી ક. સૌ. વડનગરા નાગર મંડળ, અમદાવાદ –પારિતોષીક અને સ્કોલરશીપ અંગે :

પારિતોષીક : સંસ્થા દ્વારા કચ્છ સૌરાષ્ટ્રના વડનગરા નાગર સંતાનોને પ્રત્યેક વર્ષે એસ.એસ.સી., એચએસસી. તથા વિવિધ ફેકલ્ટીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને મંડળના પારિતોષીક ફંડમાંથી વિવિધ પારિતોષીક આપવામાં આવે છે. ચાલુ વર્ષે જે અભ્યાસક્રમની પરીક્ષા બોર્ડ અથવા યુનિ.દ્વારા લેવાયેલ હોય,તેમના માટે અરજી કરવાની અંતિમ તા. ૩૦/૧૧/૨૦૨૧ છે.

જો આપના સંતાન ગુજરાતમાં અભ્યાસ કરી ૨૦૨૧માં ગુજરાત/સીબીએસઇ.બોર્ડમાંથી એસ.એસ.સી., એચ.એસ.સી. વિજ્ઞાન કે સામાન્ય પ્રવાહમાં ઉચ્ચ ગુણ સાથે કે ગુજરાતની કોઈપણ યુનિવર્સિટીમાંથી કોઈપણ ફેકલ્ટીમાં સ્નાતક/અનુસ્નાતક ફાઈનલ વર્ષમાં ઉત્તીર્ણ થઈ ડીગ્રી પ્રાપ્ત કરેલ હોય તે અરજી કરી શકે છે.

માન્ય ડીગ્રી : B.A.,B.Com.,B.Sc.,BE.,B,Ed.M.A.,MCom.,M.Sc.,MBA, M.E.LL.B. MBBS., MLW,MSW.MS.,MD.,CA. આ ઉપરાંત કંઠય સંગીત,વાદ્ય સંગીતમાં વિશારદ અથવા ઉપાન્ત્ય વિશારદ માટે પણ પારિતોષીક છે. પારિતોષીક કોઈપણ વિશિષ્ટ સિધ્ધિ બદલ વિકલાંગ વ્યકિતને પણ આપવામાં આવે છે.

અરજીમાં પુરૂં નામ,સરનામુ,મો.નં. અને બેંક એકાઉન્ટની વીગત(બેંક,બ્રાંચ,IFSC Code) ફરજિયાત જણાવવાનું રહેશે તથા અરજી સાથે Self Attested માર્કશીટની કોપી બીડવી જરૂરી છે. મંડળને મળેલી અરજી જ ગુણાંકને આધારે પારિતોષીક માટે પાત્ર ગણાશે.

સ્વ.પુરૂજીતભાઇ સૈયદ(મહેતા)ના સ્મરણાર્થે તેમના પરિવારજનો તરફથી પ્રત્યેક વર્ષે સાધના સિધ્ધિ પારિતોષીક આપવામાં આવે છે.IIT Entrance Exam JEE advanced માં જે તે શૈક્ષણિક વર્ષમાં ઓલ ઈન્ડીયા રેન્ક ૨૫૦૦ સુધીમાં આવનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીઓને રૂા. ૨૫૦૦/–નું ઈનામ આપવામાં આવશે. તેમજ જે તે શૈક્ષણિક વર્ષમાં નાગર વિદ્યાર્થી/વિદ્યાર્થીએ ૨૫૦૦ સુધીનો મેરીટ રેન્ક મેળવેલ ના હોય તો મંડળ પાસે આવેલ અરજીઓમાંથી JEE advanced માં સૌથી વધુ રેન્ક મેળવનારને રૂા. ૧૦૦૦/–નું ઈનામ આપવામાં આવશે.આ પારિતોષીક માટે જે તે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ ધોરણ–૧૨ની પરીક્ષા કોઈપણ બોર્ડની ગુજરાતની શાળામાંથી આપેલી હોવી જરૂરી છે.

અરજી તા. ૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં રૂબરૂ પોસ્ટ કે કુરિઅરથી શ્રી પરેશભાઇ જે. વૈશ્નવ,ડી/૨૦૩ શ્યામનીર્થ એપાર્ટમેન્ટ, જૂના ચંદન પાર્ટી પ્લોટ પાસે, સત્યમ સ્ટેટ સામે, જોધપુર, અમદાવાદ– ૩૮૦૦૧૫ (મો.૯૪૦૯૨૮૯૯૨૫) પર મોકલવાની રહેશે.

સ્કોલરશીપ : ધોરણ–૧૨ પછી મેડિકલ,એન્જીનિયરીગ અને મેનેજમેન્ટ વગેરે ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓને મંડળ આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં લઈ સ્કોલરશીપ આપે છે. જે માટેની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૨૧ રાખેલ છે. જેની નોંધ લેવા વિનંતી. આ અરજી મંડળની વેબસાઇટ ksvngarmandal.com પરથી ડાઉનલોડ કરી દર્શાવેલ જરૂરી પ્રુફ સાથે મંડઈના સહમંત્રી શ્રી મૌલેશભાઇ એચ.દેસાઈ,હરિઓમ, ૯/એ, યોગાશ્રમ સોસાયટી,શ્યામલ માણેકબાગ રોડ,અમદાવાદ– ૩૮૦૦૧૫.(મો.૯૪૨૯૬૧૭૮૭૧)ખાતે તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં મળે તેમ પહોચતી કરવી.

મંડળ દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ પણ માત્ર કચ્છ સૌરાષ્ટ્રના વડનગરા નાગરો માટે જ છે.૫૦% વધારે માર્કસ લાવનારને કુટુંબની આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં રાખી સ્કોલરશીપ અપાય છે.

અમિષ વસાવડા–મંત્રી અમિત દેસાઇ–પ્રમુખ

## વલય વૈદ્યની અનેરી સિદ્ધિ : UPSCમાં જ્વલંત સફળતા



વડોદરા સ્થિત શ્રી અંકીતભાઇ તથા શ્રીમતી કલાબેન વૈદ્યના પુત્ર વલય વૈદ્યએ તાજેતરમાં UPSCની કપરી કસોટીમાં ઓલ ઈન્ડીયામાં ૧૧૬મી રેન્ક અને ગુજરાતમાં બીજા ક્રમ સાથે ઉત્તીર્ણ થઈ દુર્લભ સિદ્ધિ હાંસલ કરી માત્ર પરિવારોને જ નહીં પરંતુ સમસ્ત જ્ઞાતિને પણ ગૌરવાન્વિત કરી છે.

વલય વૈદ્યે ધોરણ ૧થી ૧૦ સુધીનું શિક્ષણ ગુજરાતી માધ્યમમાં વડોદરાની ઉત્કર્ષ વિદ્યાલયમાં મેળવ્યું હતું. બાદમાં ગાંધીનગરની ધીરૂભાઇ અંબાણી આઇટી. ઈન્સ્ટીટયૂટ માંથી બી.ટેક.ICTની પદવી મેળવી.વર્ષ ૨૦૧૯માં ગુજરાતમાં ૨૧માં રેન્ક સાથે GPSCની પરીક્ષામાં સફળ થયા. ઘણી નાની વયે પંચમહાલ જિલ્લાના ડેપ્યુટી કલેકટર અને એસડીએમ.તરીકે નિયુકત થયા.તેમની આ કારકિર્દી દરમ્યાન લોકહિતના કાર્યો દ્વારા અને વિશેષ તો કોરોના દરમ્યાન નોંધપાત્ર ફરજ બજાવી સૌની ચાહના મેળવી. જો કે વલયની મહેચ્છા તો ઈન્ડિયન ફોરેન સર્વિસમાં સેવાઓ આપવાની હતી,તેથી વર્ષ ૨૦૧૬થી 'પોલિટીકલ સાયન્સ' વિષયને પસંદ કરીને જવાબદારીવાળી ફરજ સાથે UPSCની તૈયારી શરૂ કરી દીધી હતી. જેમાં ત્રણ પ્રયાસમાં અસફળ રહયા છતાં હિંમત હાર્યા વગર કોઈ તાણ વગર હળવાશ સાથે ૫થી ૬ કલાક સખત વાંચન કરી ચોથા પ્રયાસે જ્વલંત સફળતા મેળવી.

યુવાનો અને માતા પિતાઓ માટે નોંધ લેવા જેવી બાબત છે કે ભાઇ વલયે પ્રાથમિક શિક્ષણ ગુજરાતી માધ્યમમાં મેળવ્યા બાદ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરી ઉચ્ચ પદવી મેળવી તેમજ UPSCનું સર્વોચ્ચ શિખર સર કર્યું છે. તેમના પિતા અંકીતભાઇ નવ વર્ષથી કતાર ખાતે કાર્યરત છે છતાં પોતાના ધ્યેયમાં અડગતા, કટિબધ્ધતા, આત્મવિશ્વાસ,અવિરત પુરૂષાર્થ થકી વિરાટ કામિયાબી મેળવી છે.હા, પુત્રના ટાઈમટેબલ મુજબ ચાલી પ્રેમાળ સાથ, સંભાળમાં માતા કલાબેનનું અમૂલ્ય યોગદાન તો ખરૂં જ.

ઊંચી ઉડાન ભરવાનું પ્રોત્સાહન ને પ્રેરણા પણ પરિવારમાંથી વધુ મળતાં હોય છે ઘરનું વાતાવરણ, સંસ્કાર, સંતાનનો ઉછેર પણ અગત્યનો ભાગ ભજવતો હોય છે.તેથી સવિશેષ નોંધ લઈએ તો દાદા શ્રી પ્રફુલ્લભાઇ વૈદ્ય બેંક ઓફ ઈન્ડિયામાંથી નિવૃત્ત અધિકારી છે.અગાઉ તેઓનો પણ સંકયુક્ત પરિવાર હોવાથી સમય સમયના તડકા છાયડા જોયા જ હોય..જ્યારે નાના શ્રી યોગેશભાઇ ધોળકિયા એક જ ફાર્મા કંપનીમાં ૪૦ વર્ષ સંન્નિષ્ઠ ફરજ બજાવી ઉચ્ચ હોદ્દા ઉપરથી નિવૃત્ત થયા હતા.આજે જૈફ વયે પણ તેઓ દરેક વિષયની જાણકારી સાથે વાંચનમાં રસ ધરાવે,વોટ્સએપથી ઉપયોગી માહિતીનું આદાનપ્રદાન કરે,સંપર્ક જાળવે.આ ધોળકિયા પરિવાર આજે સમય પ્રમાણે ભલે જુદા રહે પણ વિભક્ત છતાં સંયુકત કુટુંબ પ્રથાનું દ્રષ્ટાંતરૂપ પરિવાર છે. જેના ખંત,સંપ,સંસ્કાર,સ્નેહ–આદર,સાદગી,સરળતા,શિક્ષણ,સેવા,ઉન્નત વિચારોની સુવાસ સાથે ઈશ્વરની કસોટીમાં પણ સ્વસ્થતાના પણ અમે સાક્ષી છીએ.

જ્ઞાતિ વતી ભાઇ વલય તથા પરિજનોને અભિનંદન સહ ઉજજવળ ભવિષ્યની શુભકામના પાઠવીએ.

## જ્ઞાતિના યુવા વિજ્ઞાની ડૉ. હેમ ધોળકિયા

નવી દિલ્હી ખાતે હાલમાં Coalition of Disaster Resilience Infrastructure (CDRI) માં મુખ્ય રીસર્ચ એસોશીએટ તરીકે કાર્યરત ડો. હેમ (હિમાંશુભાઇ રેણુબેન ધોળકિયાના પુત્ર) તાજેતરમાં United Nations Fremwork Convention on climate change (UNFCCC) માં કલાઇમેટ ચેંઇજ એક્સપર્ટ

તરીકે ભારતના પ્રતિનિધી પસંદગી પામ્યા. નોંધપાત્ર છે કે પસંદ થયેલ ૩૬ જુદા જુદા ક્ષેત્રના તાંત્રિક નિષ્ણાતો માં ક્લાઈમેટ ચેઈન્જ એક્સપર્ટ તરીકે એકમાત્ર ડો. હેમ પસંદગી પામ્યા હતા. ઉલ્લેખનીય છે કે ડો. હેમ એનર્જી, એન્વાયર્નમેન્ટના વિષય સાથે IIM અમદાવાદની ડોક્ટરેટની પદવી ધરાવે છે.બ્રીટન યુનિવર્સિટીની માસ્ટર ડીગ્રી ધરાવે છે.વર્ષ ૨૦૧૨માં International Institute of Applied Systems Analysis Austria તરફથી 'યંગ સાયન્ટીસ્ટ' તરીકે નો એવોર્ડ મેળવ્યો છે. આ ઉપરાંત ડો. હેમ Energy Emissions Trends and Policy Landscape for India નામક પુસ્તકના લેખક પણ છે.

આવા પ્રતિભાસંપન્ન યુવા વૈજ્ઞાનિક ડો.હેમને ગૌરવભેર અભિનંદન સાથે સિદ્ધિના સોપાન સર કરી દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવીએ.

## ------------સંક્ષિપ્ત સમાચાર------------

- મુંબઈ : અત્રેના શ્રી હેમાંગભાઇ અને ફાલ્ગુનીબેન રાણાનાં પુત્રી સૌ.મૈથીલિએ મેલબોર્ન યુનિવર્સિટી ઓસ્ટ્રેલિયામાંથી એમ.ઇ.(સ્ટ્રકચર એન્જીનિયર)ની પદવી મેળવી.તેણી જૂનાગઢના સ્વ.ધીમંતભાઇ અને નિપૂર્ણીકાબેન રાણાનાં પૌત્રી અને ભાવનગરના સ્વ.અશ્વિનભાઇ અને નિપૂર્ણીકાબેન મહેતાનાં દોહિત્રી થાય.
- અત્રેના શ્રી હેમાંગભાઇ અને ફાલ્ગુનીબેન રાણાનાં પુત્ર હર્ષ રાણાએ યુનિવર્સિટી ઓફ સાઉથ ઓસ્ટ્રેલિયા માંથી ઉચ્ચ ક્રમાંક સાથે માસ્ટર ઓફ એન્જીનિયરીગની પદવી મેળવી.
- જૂનાગઢ : અત્રેનાં શ્રીમતી હેતલબેન તથા સુજીતભાઇ છાયાનાં પુત્રી કુ.ચાંદની (વર્ષ-૨૨)ફાઇનલ બી.એ.(સ્પે.ઈંગ્લીશ)માં ૮૪% સાથે ઉત્તીર્ણ થયાં.તેણીએ તેમના વિભાગ(ડિપાર્ટમસન્ટ)માં પ્રથમ તેમજ સમગ્ર યુનિવર્સિટીમાં છઠું સ્થાન મેળવી છાયા તથા વસાવડા પરિવારનું ગૌરવ વધાર્યુ છે.
- ચિ. ચાંદની જૂનાગઢના શ્રી મંગેશભાઇ બાબુરાય છાયાનાં પૌત્રી તથા શ્રી દિનેશચંદ્ર ઈશ્વરલાલ વસાવડાનાં દોહિત્રી થાય.
- અમદાવાદ : તાજેતરમાં શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ અમદાવાદની વાર્ષિક સભા મળી ગઈ. જેમાં વર્ષ ૨૦૨૧-૨૪ માટેની ૧૫ કારોબારી સભ્યોની ચૂંટણી યોજવામાં આવી જેમાં પ્રમુખ તરીકે શ્રી અમિત દેસાઈ તથા ઉપપ્રમુખ ડો. વિભાકરભાઇ ઘોડા મંત્રીશ્રી અમિષભાઇ વસાવડા,ટ્રેઝરર શ્રી કુલીનભાઇ વસાવડા,સહમંત્રી શ્રી મૌલેશભાઇ દેસાઈ તથા પરેશભાઇ વૈશ્નવની વરણી કરવામાં આવી.સર્વશ્રી પદ્મીનભાઇ બુચ,કલાપીભાઇ વૈશ્નવ,ચેતનભાઇ છાયા,દેવલભાઇ વસાવડા, હેમંતભાઇ દેસાઈ,કપીલભાઇ ધોળકિયા,કુ.નિલીમાબેન વૈશ્નવ,શ્રીમતી ચેતનાબેન વસાવડા તથા શ્રીમતી જલ્પાબેન વૈશ્નવ ચૂંટાઇ આવ્યાં.
- ભાવનગર : કુશલ ધીમંતભાઇ નાણાવટી-ટી.વાય.બી.કોમ.દ્વિતીય વગ
- રાજકોટ : અત્રેના સૃજન રક્ષેશ ઓઝા CYGNET Infotech Pvt. Ltd. માં સોફટવેર ડેવલોપર તરીકે જોડાયા.
- શ્રીમતી ધરતી નિશાંક ઓઝા જે પી. મોર્ગનમાં સિનિયર કોમ્પ્લાયન્સ સ્પેશિયાલિસ્ટ તરીકે જોડાયાં.
- સગપણ : રાજકોટના શ્રીમતી સુધાબેન અને હીતેશભાઇ ધોળકિયાના પુત્ર મલ્હારનું સગપણ મીનાક્ષીબેન અને સ્વ. દીપકભાઇ વસાવડાનાં પુત્રી કૃપાલી સાથે.

# રાજકોટ ખાતે યોજાયો હોમાત્મક શાંતિયજ્ઞ




કોરોના મહામારીમાં દેશ વિદેશના અસંખ્ય સ્વજનો આત્મીયજનોએ આપણી વચ્ચેથી વિદાય લીધી તેમના પ્રત્યે આદર સહ શ્રદ્ધાંજલી અર્પવા નાગર સમાજના યજમાન પદે હોમાત્મક શાંતિ યજ્ઞનું આયોજન થઈ ગયું. રાજકોટના હાટકેશ જન,રામ પરિવાર તથા નાગર્સ ઓફ નોર્થ અમેરિકાના ઉપક્રમે પંચનાથ મહાદેવ મંદિર ખાતે તા. ૨૬ સપ્ટેમ્બર રવિવારના રોજ ૪:૩૦થી ૬:૩૦ દરમ્યાન યોજાયેલ આ યજ્ઞમાં રાજકોટ ઉપરાંત અન્ય શહેરોના આશરે ૬૦ દિવંગતોના ૩૦ પરિવારો આ યજ્ઞમાં સામેલ થયા હતા.આચાર્યો તરીકે શ્રી ભરતભાઇ આચાર્ય તથા શ્રી હેમેન્દ્રભાઇ વસાવડાએ વિધિસર સ્થાપન અને શાસ્ત્રોકત વિધિ સાથે યજ્ઞ કરાવેલ.કોરોનાને કારણે ઘણા સમયથી ઘરમાં જ રહી કોરી ખાતી એકલતામાંથી બહાર આવવા બહોળી સંખ્યામાં જ્ઞાતિ વડીલોએ દર્શનના લાભ સાથે સૌને મળવાની તક ઝડપી હતી,તેમ યજ્ઞનું જીવંત પ્રસારણ કરવામાં આવતાં દેશ વિદેશના જ્ઞાતિજનોએ પરોક્ષ રીતે સહભાગી બની લાભ લીધો હતો.દોઢ વર્ષના આ કપરા સમયમાં પ્રાર્થના સભા શકય ન હતી કે પ્રત્યક્ષ મળવાનું પણ શકય ન હોતાં આ નિમિત્તે દિવંગતોના પરિજનોને રૂબરૂ મળી સાંત્વના પાઠવી સમવેદના વ્યકત કરી હૂંફ આપી હતી.ગુમાવેલ વ્યકિતના પરિજનો માટે તો કઠીન સમય જ છે પરંતુ સમય ઝડપથી ઘાવ ભરે તેવી કામના ને પ્રાર્થના.

બે બાબત નોંધપાત્ર રહી કે આ આયોજન અમેરિકા સ્થિત શ્રી રાજીવભાઇ વછરાજાની તથા હિમાંશુભાઇ દેસાઈનો પૂર્ણ આર્થિક સહયોગ સાંપડયો હતો ખર્ચની સંપૂર્ણ જવાબદારી તેઓએ નિભાવી હતી. બીજું, કોઈપણ જ્ઞાતિજન પાસેથી આર્થિક સહાય ન લેતાં શ્રી પંચનાથ સાર્વજનિક હોસ્પિટલ ટ્રસ્ટ રાજકોટને સ્વૈચ્છિક અનુદાન માટે અનુરોધ કરાયેલ તેનો પણ જ્ઞાતિજનો દ્વારા ઘણો સારો પ્રતિસાદ સાંપડયો હતો.

જ્ઞાતિ કાર્ય –સેવા માટે સદા તત્પર રહેતા યુવા અગ્રણી પંચનાથ મહાદેવ મંદિરના પ્રમુખ તથા શ્રી પંચનાથ હોસ્પિટલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી દેવાંગ માંકડનો આ સમસ્ત જ્ઞાતિ માટેના આ યજ્ઞકાર્ય માટે પણ પૂર્ણ સહકાર સાંપડયો હતો અને પંચનાથ મંદિરનો હોલ વિના મૂલ્યે ઉપયોગમાં લેવા મળ્યો હતો.

હોમહવન આયોજન તથા સામગ્રી માટેના અનુભવી શ્રી મુકેશભાઇ માંકડ,અતુલભાઇ વૈશ્નવ તથા જગદીશભાઇ બુચનું માર્ગદર્શન સાંપડયું હતું. સમગ્ર સુચારૂ આયોજનની જવાબદારી સર્વશ્રી સમીર વસાવડા,જયેશ વસાવડા,ભાવેશ બુચ,વિરંચી બુચ,વિપુલ પોટા,રાજુ પોટા,જીજ્ઞાસુ માંકડ,પ્રતીક વસાવડા,આશિષ નાણાવટી,તુલન વૈશ્નવ, બાલેન્દુભાઇ મહેતા,રાજુ કિકાણી, અજયભાઇ વૈદ્ય જેવા કાર્યકરોએ સ્વૈચ્છિક રીતે ઉપાડી ખરા અર્થમાં સ્વયંસેવક તરીકે પોતાની સેવા આપી હતી.

આજના સમયમાં સૌના મનની શાંતિ અને વાતાવરણ શુદ્ધિ માટે અન્ય શહેરોમાં પણ અપનાવવા યોગ્ય સ્તુત્ય આયોજન બદલ આયોજકો,કાર્યકરો સાથે આચાર્યો,શ્રી દેવાંગ માંકડ તેમજ પંચનાથ મંદિર ટ્રસ્ટ સંસ્થા પણ ધન્યવાદને પાત્ર છે.

## બરછી અંગે જ્ઞાતિજનો તરફથી મળેલા પ્રતિભાવો :

રાજકોટના ૮૪ વર્ષના વડીલ મુ.શ્રી નીલકંઠભાઇ તરફથી વ્હોટસએપ દ્વારા નિયમિત ઉત્સાહવર્ધક અને પ્રોત્સાહક પ્રતિભાવ મળે..તેઓ લખે છે (૧) મે–જૂનના અંક સાંગોપાંગ સરસ..મૂર્ધન્ય જ્ઞાતિ રત્નોનાં જીવન મૂલ્યો ને સરસ રીતે ઉજાગર કર્યા છે. વળી મહામારીમાં વિદાય લેનાર અસંખ્ય જ્ઞાતિજનોને શ્રધ્ધાંજલિ આપી એક સરસ શિરસ્તો કાયમ કર્યો છે. (૨)ઘણા સમયે રમેશ બૂચનું કાર્ટૂન જોવા મળ્યું અને 'જન્મભૂમિ પ્રવાસી' (દૈનિક)નું છેલ્લું પાનુ યાદ આવી ગયું. મુ.હરિવદનભાઇ (અંતાણી)ની નિઃસ્વાર્થ સેવાની વિશેષ નોંધ લીધી તે ગમ્યું.ખરેખર તો રાજકોટની આપણી બધી સંસ્થાઓએ શ્રધ્ધાંજલી સભાનું આયોજન કરવું જોઈએ. (૩) બરછીનો ઓગષ્ટ અંક પણ નમૂનેદાર..૧૯૭૦ અને ૨૦૦૦ના અંકોનું દોહન સરસ. જ્ઞાતિની લગ્ન સમસ્યાનો લેખ વર્તમાનની આરસી..આના પર જેટલું ચિંતન કરીએ તેટલું ઓછું પડશે!

રાજકોટના શ્રી રાજેશ છાયા પ્રતિભાવમાં તેઓ લખે છે 'દિનસુખરાય વસાવડા, અરૂણભાઇ બક્ષી અને કુંદનભાઇ ધોળકિયા વિશેના લેખ ખૂબ જ માહિતીસભર અને પથદર્શક છે. ઈશ્વરને પ્રાર્થના કે આપને સદાય આ કાર્ય કરવા માટે બળ અને સમૃદ્ધ આયુષ્ય પૂરૂં પાડે. (નોંધ લઈએ કે રાજેશભાઇ થેલેસેમિયાના બાળકો તથા અન્ય માટે રકતદાનની પ્રવૃત્તિમાં સક્રીય છે અને વૃક્ષારોપણ,પંક્ષીઓ માટે માળા,પાણી માટે કુંડા,ચણ વગેરે જેવી કરૂણાની અનેક પ્રવૃત્તિઓ કરી રહયા છે.)

---

## અનંતના યાત્રીઓને શ્રધ્ધાસુમન :

પન્નાબેન હરેશભાઇ માંકડ–મહેસાણા, ગં.સ્વ. પુષ્પાબેન ઉપેન્દ્રરાય વૈદ્ય–ભુજ,રામેશ્વરીબેન યોગેન્દ્ર પ્રસાદ જોષીપુરા, રાજેશ કિશોરભાઇ ધોળકિયા (ઈન્કમટેક્ષ ઓફીસ)૫૬ વર્ષ–રાજકોટ. જીતેન્દ્રરાય મુગટરાય જોષીપુરા ૮૯ વર્ષ, પ્રવીણભાઇ સવાઈલાલ કચ્છી,હર્ષાબેન અશ્વિનકુમાર વૈશ્નવ–૯૧ વર્ષ– શ્રીમતી બંજનબેન પ્રફુલ્લચંદ્ર નાણાવટી–૬૮ વર્ષ– દિવ્યલતાબેન કુમારભાઇ વૈશ્નવ–૭૩ વર્ષ– અર્જુન ભાઇ વી.વૈદ્ય–જૂનાગઢ. જ્યોત્સનાબેન પ્રદ્યુમ્નરાય અંતાણી–૭૧ વર્ષ–ભુજ. અંજારના અ.સૌ.જલ્પા યશ પોટા હૈદ્રાબાદ ખાતે.મહેશભાઇ ચંદ્રશંકર અંતાણી–૮૪ વર્ષ–નિખિલભાઇ રજનીકાંત બક્ષી, રશ્મિનભાઇ પ્રવિણભાઇ પાઠક–૭૪ વર્ષ–અમદાવાદ. હિમાંશુભાઇ ધોળકિયા– જામનગર. સૌ. ક્ષમાબેન પંકજભાઇ મંકોડી–ગાંધીનગર. દામિનીબેન ચંદ્રકાંત ભાઇ માંકડ–૬૭ વર્ષ,જામનગર.હરીશ દિલસુખરાય કચ્છી –૭૯ વર્ષ–વડોદરા.

## હે ! મા.. (મંદાક્રાંતા)

શક્તિ રૂપા કણકણ વસી, ગુપ્ત અંબાર હે ! મા,
તારી શોભે ધબક ધબકી, નાડની ચાલ હે ! મા,
ના આંખોએ દરશન જરી, તાહરૂં થાય હે ! મા,
ઓચિંતાના અનુભવ થકી, વ્યક્ત તું થાય હે ! મા.

સૃષ્ટિ આખી સમતલ રચી, ચેતના તેજ પૂંજે,
પુષ્પે–પાન તરવર તણી, વેલની કુંજ કુંજે,
અબ્ધિ છોળે સરવર–નદી, પહાડમાં ગીત ગૂંજે,
તારી એવી અકળિત કળા, પાર પામી ન સૂજે.

ચાલે એવું જગત સઘળું આંખના તો ઈશારે,
કર્તા હર્તા સૃજન ભરતા, અન્યને ના વિસારે,
તારી લીલા નયન હરણી, કેમ કાવ્યે વખાણું ?
નાઃ નાઃ શબ્દો સબળ મળતા, બોલબોલી ન જાણું.

મૂંગા મૂંગા કર–હૃદય કરી, વંદના નમ્ર હે ! મા,
સ્વીકારી લે દિલ ઉભરતા, પ્રેમથી ન્યાળ હે, મા.

–કાંતીલાલ શંકરલાલ પોટા, પોરબંદર.
(કકબ ઓકટો.નવે.૧૯૭૧)

**દરેક રોગ સામેના યોદ્ધાઓ – રસોડાના મસાલા** –ડો. રાજેન્દ્ર કે. હાથી,વડોદરા.

કોરોના વાઈરસ દ્વારા ફેલાયેલી વૈશ્વિક મહામારીમાં આધુનિક એલોપથી સફળ નથી થઈ પરંતુ ભારત સરકારે જેને વૈકલ્પિક ચિકિત્સા ગણી છે તે આયુર્વેદ અને હોમિયોપેથીએ વિશ્વસ્તરે ડંકો વગાડયો છે.કોરોનાના રોગીને ઉભો કરવામાં તથા તે ન થાય તે માટે સ્વસ્થ વ્યકિત માટે આપણા રસોડાના ૧૨ મસાલાઓ અકસીર સાબિત થયા છે.આ મસાલાના ઔષધી ગુણ–દોષો આયુર્વેદે વિસ્તૃત રીતે વર્ણવ્યા છે.જે પણ આધુનિક વિજ્ઞાને ઊંડુ પરિક્ષણ કરી તેને આ વાઈરસો સામે રામબાણ ગણાવ્યા છે.આ ૧૨ મસાલા યાદ રાખવા એક સૂત્ર આપું છું...

આ–આદુ, સૂં–સૂંઠ,અ–અજમો, હિ–હિંગ, એ–એલચી, મ–મરી, હ–હળદર, લ–લસણ, લ–લવીગ, ત–તજ, મ–મીઠું, લી–લીબુ.

આયુર્વેદે વાત,પિત્ત,કફની પરિભાષામાં તેના ગુણધર્મો વર્ણવ્યા છે. આ બધા જ મસાલાઓ ઉચી ORAC Oxygen,Radical,Absorbance,Capicity આ બધા જ મસાલાઓની શરીરને ઓક્સિજન આપવાની શક્તિ વધુ છે.તેથી ફેફસાની કાર્યશક્તિ વધે છે અને ગળં તથા ફેફસા કફરહીત રહેતાં ફેફસાં ચોખ્ખાં રહે છે.કોરોના વાઈરસની સૌથી વધુ ખરાબ અસર ફેફસા ને ગળા પર જ થાય છે. શરીરની રોજ બરોજની ક્રિયાઓ દરમ્યાન કચરો,બેકટેરીયા વાઈરસ રૂપે થાય છે.આ બધા કચરાનો નિકાલ કરનારા દ્રવ્યો 'એન્ટીઓકસીડન્ટ' કહેવાય. આ મસાલાઓની ઓકિસજન આપીને ફેફસાને પૂરતું બળ આપવાની શકિત વધુ હોવાથી 'એન્ટીઓકસીડન્ટ' કહેવાય છે. આ બધા મસાલાઓની ORAC જુદી જુદી છે.તેના આંકડા પણ આધુનિક વિજ્ઞાને આપ્યા છે. આદુ–૨૮૮૧૧, અજમો– ૫૦૩૭૨, એલચી–૨૭૬૪, મરી– ૩૪૦૫૩, હળદર–૧૦૭૦૦, લસણ–૫૫૪૧, લવીગ– ૨૯૦૨૮૩, તજ–૧૩૧૪૨૦, લીબુ –૧૨૨૫. આ દરેક મસાલા તન મનથી સ્વસ્થ રહેવા વાપરી શકાય છે.

૧. આદુ : આદુનો રસ–લીબુ–મધ–તુલસી–મરી લઈ શકાય.આદુનો ટૂકડો, મીઠુંને લીબુ સાથે ચૂસી શકાય.

૨. સૂંઠ : સૂંઠ–હળદર ૨–૨ ચપટી પાણીમાં ઉકાળી ૧/૨ બળે તે રગડો ત્રણ વાર પીવો.સૂંઠ,હળદર ને અજમો નાખી તેના કોગળા પણ કરી શકાય તથા તેની નાસ પણ લઈ શકાય.સૂંઠ ગરમ નથી.

૩. અજમો : અજમાની પોટલી ગળે બંધાય કે શેક કરાય.નાસ લેવાય.

૪.હિંગ–હિંગનો ધૂપ કરાય,નાસ લેવાય,ચપટીભર ત્રણવાર ઘી સાથે પણ લેવાય.

૫. એલચી : દૂધમાં ઉકાળીને લેવાય.સાકર સાથે ચૂસાય.

૬. મરી : કાળા મરી–ગોળ–ઘી અથવા મરીનો ભુકો સુંઘવો.મરીને તુલસીનો ઉકાળો પીવાય. વિશ્વમાં મરીનું સૌ પ્રથમ વાવેતર ભારતમાં થયું હતું.

૭. હળદર : હળદર,મીઠુંને સૂંઠ સાથે કોગળા કરવા. હળદરનો ધૂમાડો લેવો.એક ચપટી ત્રણવાર મધ સાથે ચાટવી. હળદર દૂધમાં ઉકાળી લેવી.

૮. લસણ : જંતુનાશક છે. લસણની એક એક કળી રોજ રોટલી સાથે ખાવી.રોટલા સાથે લસણ,ગોળ ને ઘી

ખાવાં.લસણ દૂધમાં ઉકાળીને લેવું.

૯. લવીંગ : લવીંગ ચૂસવા.જમીને ર–ર ચાવવાથી શ્વેતકણો યથાવત રહે છે.લવીંગ તેલ કપાળે ઘસવું.

૧૦. તજ : તજ દૂધમાં ઉકાળી પીવું.ખાલી કેપ્સ્યુલમાં સારો તજનો પાવડર ભરી ર કેપ્સ્યુલ ત્રણવાર લેવી. તજનો ધૂમાડો લેવો.

૧૧. મીઠું : મીઠાને હળદરના કોગળા કરવા.

૧૨. લીંબુ : રોગપ્રતિકારક શકિત વધારે છે.તેથી એક ગ્લાસ પાણીમાં આખું લીંબુ નીચોવી ૧/૪ ચમચી સિંધવ તથા ૧/૪ ચમચી સાકર નાખી દિવસમાં બે વાર ઘૂંટડે ઘૂંટડે પીવાથી રોગપ્રતિકાર શકિત વધે છે.

આ મસાલાની ઉપરાંત કોરોના જ નહી દરેક રોગ માટે તુલસી,જેઠીમધ,ગળો, અશ્વગંધાના પરિણામ પણ સારાં આવે છે તેમજ તૈયાર દવાઓમાં સંશીમનીવટી,ગળોઘનવટી,રસાયનઘનવટી, મહાસુદર્શન ઘનવટી તથા ચ્યવનપ્રાશ ફાયદાકારક છે.

---

## સુંદર સુંદરતર સુંદરતમ...

સુંદર જે દેખાતું સઘળું, સુંદરતર જે ના દેખાતું,
સુંદરતમ તો એક જ છે જે 'નેતિ નેતિ' કહેવાતું.
સુંદરની પાછળ ભમતું મન ક્યારેક સુંદરતર પર જાય,
સુંદરતમ સુધી પહોંચીને તરત ફરી એ બીજે જાય
સુંદર,સુંદરતર,સુંદરતમ અંતતોગત્વા એક જ છે,
ત્રણેયનું સૌંદર્ય માણનારા વીરલા બહુ થોડા છે.
એક છોડીને બીજું માણવું કદીય સંભવ છે જ નહિ,
જેમ છોડીને શ્વેતરંગ દુધ પીવું સંભવ છે જ નહિ.
એકમાં બાકીનાં બે જોઈને જે આનંદ લૂંટી શકે,
તે જ જુદો જુદો આનંદ ત્રણેનો પૂરો લૂંટી શકે.
સુંદરથી સુંદરતરને ત્યાંથી સુંદરતમ આંબી શકે,
અવગણી સુંદર,સુંદરતરને,સુંદરતમના પામી શકે.
સુંદરથી દૂર રહેવું એ સુંદરતમનું અપમાન જ છે,
સુંદરતરમાં ડૂબ્યા રહેવું એ અડધે અટકયાસમ છે,
સુંદર માણો ત્યાગવૃત્તિથી,સુંદરતરને સાધન જાણો,
એવી રીતે જીવન જીવતાં અહીં જ સુંદરતમને માણો.
(સુંદર–ઈન્દ્રિયગમ્ય સૃષ્ટિ,
સુંદરતર–ઈન્દ્રિયાતીત સૃષ્ટિ,સુંદરતમ–પરબ્રહ્મ)

–ચૈતન્ય સુરેન્દ્રનાથ ઘારેખાન –'ગુમરાહ',દ્વારકા. મો.૯૮૯૮૬૬૨૨૦૧

## ઓકટોબર–નવેમ્બરના સંયુકત અંક અંગે :

<u>બરછીના અગાઉના શિરસ્તા મુજબ ઓકટોબર – નવેમ્બર માસનો સંયુક્ત અંક દીપોત્સવી અંક તરીકે નવેમ્બર માસની ૨૫ તારીખે પ્રકાશિત કરવામાં આવશે.</u>ઓકટોબરનો અંક પ્રકાશિત થશે નહીં જેની સૌને નોંધ લેવા વિનંતી. (ગત માસમાં ૧૫ દિવસ બહારગામ જવાનું થતાં સપ્ટેમ્બરનો આ અંક મોડો પ્રકાશિત કરી શકયા છીએ.)

ઓકટો.નવે.ના દીપોત્સવી અંક માટે જ્ઞાતિના જાણીતા તથા નવોદિત લેખકો કવિઓને પોતાની મૌલિક રચના તેમજ દર વર્ષ મુજબ ઘરમાં પોતે તૈયાર કરેલ રંગોળીના કસબનો લાભ જ્ઞાતિજનોને આપવા સૌને ઇજન છે. સૌને શ્રેષ્ઠ વાંચનનો લાભ આપી રહેલા લેખકોને પ્રોત્સાહન ને કદરના ભાવથી બરછીના દીપોત્સવી અંકમાં જે લેખકો/કવિઓની રચના પ્રકાશિત થશે તેને યોગ્ય પુરસ્કાર આપવાનું નકકી કરેલ છે. બરછી માત્ર લવાજમ ઉપર જ નિર્ભર છે ત્યારે આવાં પ્રોત્સાહનો માટે જ સંસ્થાઓ,કંપનીઓ,વ્યાવસાયિકો તરફથી સૌજન્ય જાહેરાતો આવકાર્ય છે.

લેખ/લઘુવાર્તા,કાવ્ય,રંગોળીના ફોટોગ્રાફ (નામ, ગામ,મો.નં.સાથે) અને સમાચારો પણ મોડામાં મોડા તા.૧૦ નવેમ્બર સુધીમાં ઇ મેઇલ/પોસ્ટ કે કુરિઅર દ્વારા મોકલી આપવા વિનંતી છે. –તંત્રી.

સત્ય ઘટના

## પ્રભુ પધાર્યા...

મારા પતિની બદલી ૧૯૮૩માં ગુજરાતના નાના ગામ ધોરાજી ખાતેની સેન્ટ્રલ બેંકમાંથી પ્રમોશન સાથે મુંબઈની મોટી બ્રાંચમાં થઈ એટલે ન જવાનો સવાલ જ ન હતો.પણ મોટો પુત્ર ધોરણ–૧૦માં અને નાનો પુત્ર ધોરણ–૭માં ગુજરાતી માધ્યમમાં ભણતા હતા એટલે મોટો સવાલ પુત્રોના એડમિશનનો હતો. તે સમયમાં પણ મુંબઈમાં ગુજરાતી માધ્યમની શાળાની સંખ્યા ઓછી હતી અને અર્ધા વરસથી ૧૦મા ધોરણમાં એડમિશન મળવું અશક્ય જ હતું.તેથી પુત્રોને ભાઇને ત્યાં સુરત ભણવા રાખવાનો અણગમતો પણ કઠોર નિર્ણય લેવો પડયો.

પુત્રોને સુરતની શાળામાં એડમિશન લઈને ભાઇને ત્યાં મૂકી અમે બંને મુંબઈ પહોંચી ગયાં. બેંકે પાર્લામાં આપેલ ફલેટમાં સેટલ થયાં પણ મનથી અપસેટ હતાં.કારણ પુત્રોને જુદા કરવા પડયા.ઈશ્વર પર શ્રદ્ધા રાખી મન મનાવતાં રહયાં.હજી આઠ દિવસ થયા હશે ત્યાં એક સવારે ઘરના દરવાજે મુ.પંડયા સાહેબ આવી ઉભા રહયા જે પતિના વડીલ મિત્ર હતા ને બેંકમાંથી રિટાયર થયા હતા.તેઓ અંગત કામે મુંબઈ આવતાં અમે મુંબઈ છીએ તેમ માહિતી મળતાં ઘર ગોતીને ખાસ મળવા આવેલ.

આવતાવેંત પુત્રો વિશે પૂછતાં અમે હકિકત જણાવી કહયું કે અહીં એડમિશન ન મળે તેથી સુરત ભાઇને ઘેર મૂક્યા છે.તેમણે કહયું કે હું જેમને ત્યાં આવ્યો છું તે પાર્લાની ગુજરાતી શાળાના ટ્રસ્ટી છે આજે એમને વાત કરીને આપણે શાળામાં જશું,એડમિશન મળી જ જશે. અમને વિશ્વાસ તો ન હતો પણ પ્રભુ પર શ્રદ્ધા રાખી એમની સાથે માર્કશીટ લઈને શાળામાં ગયાં.અમારા આશ્ચર્ય વચ્ચે પ્રિન્સીપાલે બંને બાળકો હોંશિયાર છે તેમ કહી એડમિશન આપી દીધાં.

મને તો અમારે ઘેર પંડયા સાહેબના રૂપમાં જાણે પ્રભુ જ પોતે પધાર્યા હોય તેમ લાગ્યું.

– શ્રીમતી નયના કિશોર મંકોડી,અમદાવાદ.

(જે કોઈના જીવનમાં આવી ઘટના બની હોય તો લખી મોકલવા ઈજન છે. જે અન્ય માટે પ્રેરક બનશે અહં ઓગાળશે અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા દ્રઢ થશે.–તંત્રી)

## કવિતા...

કવિતા લખવી ખૂબ સહજ છે
પણ એ કવિતા જ છે
એમ સમજવી ખૂબ અસહજ છે.
કવિતા વાંચી તો છે અને
કવિતા મોઢે પણ કરી છે.
પણ કવિતાને કાગળ પર
ઉતારવી ખૂબ જ અસહજ છે.
છંદ,શબ્દો,વિશેષણ,લય
નામ,સર્વનામ,ક્રિયાપદ.
ગીત ગઝલ અને કાગળ સાથે
સતત મિત્રાચારી રાખવી પણ
ખૂબ અસહજ છે.
પ્રેમ વિયોગ,વાદળ મૃગજળ,
વસંત પાનખર,પશુપંખી.
કેવી રીતે કવિતામાં કંડારશો?
નરસિંહ,સુરદાસ,કલાપી,દલપત
દલાલ,બ્રોકર,શયદા,ગની,મરીઝ
સૈફ,શૂન્ય,બરકત,શેખાદમ,
ખલીલ,ઠાકુર,હિતેન કૈલાશની
હથોટી કવિતામાં ક્યાંથી લાવશો?
તો યે છે જ તમને વિશ્વાસ તો
ભલે વિશ્વાસના વહાણે
થઈ જાય કવિતા ! ભલે
એના થકી લખાય જાય કવિતા.
કવિતા કવિતા કવિતા.

અજ્ઞાત.

## આપણી લગ્ન સમસ્યા :

આ પ્રશ્ન આજે ઘર ઘરનો બની ગયેલ છે.પોતાનાં ઉમરલાયક સંતાનોના સગપણનો પ્રશ્ન જ્ઞાતિના પ્રત્યેક માબાપની સતત ચિંતાનો વિષય છે. જૂન માસમાં 'બરછી'માં કરાયેલ 'મેરેજ બ્યુરો'ની જાહેરાતને દરેક કક્ષાના દરેક વિભાગના જ્ઞાતિજનોએ ઉમળકાભેર વધાવી લીધેલ છે.પણ બ્યુરો પોતાની સફળ કામગીરી તો જ બજાવી શકે જો તેને બન્ને પક્ષમાંથી વિપુલ પ્રમાણમાં વરકન્યાના નામો મળતાં રહે દાખલા તરીકે બ્યુરોને મળેલાં કન્યા પક્ષના નામોમાંથી વડનગરા, વિસનગરા એમ બધા વિભાગોમાંથી શિક્ષણ લીધેલ બહેનોનાં નામ આવેલ છે. તેઓ કોઈપણ વિભાગમાંથી પોતાને અનુરૂપ મુરતીયા માટે તૈયાર હોય છે. આપણી જ્ઞાતિમાં વર પક્ષે ઉચ્ચ શિક્ષણ લીધેલા ઘણા યુવાનો છે. જેઓ પણ પોતાને અનુરૂપ કન્યાની શોધમાં છે. પણ આવા નામો જ અમારા સુધી પહોંચે જ નહીં તો? બ્યુરો–લગ્ન વિષયક જાહેરાતનું–ક્ષેત્ર જ સીમિત થઈ જાય. આવી જ રીતે વરપક્ષે ગ્રેજ્યુએટ કક્ષાથી નીચેનું શિક્ષણ લીધેલા ભાઈઓના નામ પણ મળતાં હોય છે જેઓ એસ.એસ.સી. કે તેથી ઉતરતું શિક્ષણ લીધેલ બહેનો સાથે સબંધ બાંધવા તૈયાર છે પણ કન્યા પક્ષે આવાં નામો અમારી પાસે હોય તો જ આગળ વધી શકાય. આપણી લગ્ન સમસ્યા એ આજના યુગનો મોટામાં મોટો પડકાર અને તે જ્ઞાતિનાં ખુદનાં અસ્તિત્વ સાથે સંકળાયેલ છે. જ્ઞાતિ તરીકે ટકવું હશે તો આપણે આ સમસ્યાને હલ કરવી જ રહી. આ દ્રષ્ટિએ વિચારી જ્ઞાતિજનો પોતાની ઉદાસીનતા અગર ક્ષોભ જે કહો તે ખંખેરી પોતાના વરાવવા લાયક સંતાનોની વીગત અમને મોકલી પોતાની જ સમસ્યા હળવી કરવા સહાયરૂપ થાય તેવી વિનંતી છે.

તંત્રી–શાંતિભાઇ ધોળકિયા

ગતાંકમાં ૧૯૫૬ના બરછીમાં આપણી લગ્ન સમસ્યા અંગે શ્રી કૌશિકભાઇ વૈદ્યનું મંતવ્ય પ્રકાશિત કરેલ. કારણો બદલાય છે પરંતુ આ સમસ્યા ૧૯૫૬/૭૧ અને આજે પણ ઠેરની ઠેર છે જ તેથી આ અંકમાં ઓકટો. નવે.૧૯૭૧ના અંકમાં શાંતિભાઇએ તંત્રી સ્થાનેથી આપણી લગ્ન સમસ્યાનું નિરાકરણ કરવા વ્યકત કરેલ તેમનો મત અત્રે પુનઃ પ્રકાશિત કર્યો છે. તે સમયે તો 'બરછી' 'નાગરબંધુ' જ્ઞાતિપત્રો દ્વારા જ લગ્ન બ્યુરો ચાલતાં ત્યારબાદના સમયમાં જાહેરાત, લગ્નમેળા યોજાતા પરંતુ હવે તો આ ઉપરાંત સોશ્યલ મીડિયા દ્વારા લગ્ન વાંચ્છુકો માટે અનેક ગ્રુપ કાર્યરત છે.. છતાં સમસ્યા હલ કેમ નથી થતી! તમે જેટલા જાણીતા હશો તેમ સંતાનોના લગ્ન સબંધમાં વધુ તકલીફ પડશે તે સ્વીકારીને બરછીને કે ગ્રુપનો આધાર મેળવો. ઉદાસીનતા ને ક્ષોભને બાજુએ મૂકી સંતાનની યોગ્ય વયે બરછીમાં લગ્ન વિષયક જાહેરાત આપો કે ગ્રુપમાં બાયોડેટા મોકલી આપો.બંને પક્ષે અપેક્ષાઓમાં બાંધછોડ અનિવાર્ય છે. સાંપ્રત સમયમાં અનિશ્ચિત ભવિષ્યનો અનુભવ પણ કર્યો. હકીકત છે ને હવે અનુભવે સમજાય છે પ્રતીતિ પણ થાય છે કે લગ્ન પછી વર વધૂ બંનેના નસીબ કામ કરે છે.પોતાના સમયથી વિચારજો.

–વિરેન શાં.ધોળકિયા–તંત્રી

---

## લગ્ન વિષયક જાહેરાત :

(આ લ.વિ.જાહેરાત વિના મૂલ્ય પ્રકાશિત કરવામાં આવે છે.૯૪૨૮૭ ૦૦૧૦૫ ઉપર માત્ર બાયોડેટા જ મોકલવાનો રહે છે. barchhi.com/ wedhelp નો પણ જ્ઞાતિજનો લાભ લઈ શકે છે. –તંત્રી)

(૧) એન્વાયરમેન્ટ એન્જી., બી.ટેક., જ.૮/૧૯૯૧,૫'.૧૧''EHS WIND Co.માં ડેપ્યુટી મેનેજર તરીકે નોકરી કરતા વિસનગરા નાગર યુવકને યોગ્ય કન્યા. સંપર્ક:૯૪૨૭૩૪૭૪૦૮

(૨) બીસીએ.,જ.૧૧/૧૯૯૦,ઉ.૫'.૪'' ૧૦ વર્ષથી પોસ્ટલ ડિપા.સેન્ટ્રલ ગવર્નમેન્ટમાં નોકરી કરતી માંગલિક કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૯૪૨૮૨૯૩૦૨૫

(૩) બી.કોમ., એમએસસી. આઇટી., પીજી ડીસીએ.,જ.૭/૧૯૮૪,જામનગર ખાતે નવાનગર કો.બેંકમાં ૧૩ વર્ષથી નોકરી કરતા છૂટાછેડા થયેલ માંગલિક યુવકને કન્યા.સંપર્ક:૯૧૦૬૩૧૭૨૮૯

**નરસિંહ મહેતા એક અધ્યયન :** – મનહરભાઇ વૈશ્નવ,રાજકોટ.

આમ તો વ્યકિત મટી વિશ્વમાનવી બની ગયેલા નરસિંહ મહેતા નાગર જ્ઞાતિ માટે પણ એક ઓળખ બની રહયા છે.તમે નાગર એટલે પેલા નરસિંહ મહેતાના જ ને? આવો પ્રશ્ન વિશ્વમાં નાગર જ્ઞાતિની કોઈપણ વ્યકિતને પૂછવામાં આવે ત્યારે તેમાં કેટલો આદર છે તેની સમજણ પડે છે. સંવત ૧૪૬૫ (ઇ.સ.૧૪૦૯) અને વૈશાખી પૂર્ણિમાનો નરસિંહ મહેતાના જન્મનો દિવસ યાદ કરી તેના સમગ્ર જીવન ઉપર તર્કબધ્ધ વિચાર કરીએ તે પહેલાં થોડા પાછળ ઇ.સ.૧૧૬૦ના 'ફલેશબેક' પર નજર નાખી લઈએ. ઇ.સ.૧૧૬૦ની આસપાસ વડનગર પર ક્ષત્રિય શાસનનો અંત આવતાં નાગર જ્ઞાતિજનો તેમજ બ્રાહ્મણ જ્ઞાતિજનો વડનગર છોડવા લાગ્યા. તેમાંના એક હતા ભાણજી પંડયા.ભાણજીભાઇને ભાવનગર જિલ્લાના નાગાર્જુન રાજાએ પુત્રેષ્ટિ યજ્ઞનું આયોજન કરવા નિમંત્રણ આપ્યું.આ યજ્ઞ સફળતાપૂર્વક પાર પાડતા રાજવીએ ભાણજીભાઇને કાયમી ધોરણે તળાજા ખાતે સ્થાયી થવા જણાવતા તેઓ ત્યાં સ્થાયી થયા.તેમના પુત્ર ગદાધર ત્રાપજના કાર્યભારી બન્યા અને પરાપૂર્વની પ્રવૃત્તિમાં ફેરફાર થતાં 'પંડયા'માંથી 'મહેતા' તરીકેની ઓળખ ઉભરી આવી. તેમણે ૧૨ વર્ષ સફળ કાર્યભાર નિભાવ્યા બાદ વેપાર ધંધામાં જંપલાવ્યું,સમુદ્ર ખેડયા,અને આ રીતે પૂર્વજો દયાદાન પર જીવનારા ન હતા પરંતુ દીર્ઘદ્રષ્ટિ ધરાવનાર પ્રામાણિક, વફાદાર,નિષ્ઠાવાન,કર્મષ્ઠ અને કાર્યદક્ષ હતા. ગદાધરના પુત્ર પુરૂષોતમદાસ વેદવિદ્યામાં પારંગત થયા અને શ્રીકૃષ્ણના પરમ ઉપાસક બન્યા. પુરૂષોતમદાસને સ્વપ્નાવસ્થામાં દ્વારકાધીશે વચન આપ્યું કે તારા કુળમાં મારા બે પરમ ભક્ત પુત્રરત્નો જન્મ લેશે. અને તેના થકી તારૂં સમગ્ર કુળ પાવન થઈ જશે.વિશ્વની એક શ્રેષ્ઠ જ્ઞાતિ તરીકે પ્રતિપાદિત થશે. પુરૂષોતમદાસના બે બે પુત્રો પર્વતદાસ અને કૃષ્ણદાસ અને કૃષ્ણદાસના ત્રણ પુત્રો પૈકી સૌથી નાના તે નરસિંહદાસ. તળાજામાં કુદરતી આપત્તિ આવી પડતાં જીવનનિર્વાહ ચલાવવા, પર્વતદાસે મંગલપુર – હાલના માંગરોળમાં સ્થાયી થયા.કૃષ્ણદાસે જૂનાગઢ પાસે વામનસ્થલી (હાલ વંથલી) માં સિપાઇગીરીની સેવા સ્વીકારી અને ત્યાંજ તેમનું અવસાન થતાં નરસિંહે ભક્તિમાર્ગનો રાહ પકડયો. સાત વર્ષની ઉંમર સુધી જેની હજુ વાચા ન હતી ફૂટી તે નરસિંહને ઇ.સ.૧૪૧૬ (સંવત ૧૪૭૨)માં યજ્ઞોપવિત સંસ્કાર સમયે એક અજાણ્યા સાધુના આશીર્વાદથી વાચાની સરવાણી ફૂટી.અને ત્યારથી આ વાચા ગંગોત્રી, અવિરત ભક્તિરસની ધારા બની,તત્વજ્ઞાનના ક્ષેત્રે ધસમસતી ગંગાનો પ્રવાહ બની ગઈ.આટલી પૂર્વાધની વાત પછી નરસિંહ મહેતાના જીવનના તમામ પ્રસંગોની કથા જેને વિવિધ રીતે અનેક વિદ્વાનો,સંકલનકારો, વિવેચકો વગેરે કાચી રંગોળીમાં જે વિવિધ રંગો ભરીને સજીવવામાં આવે છે,તેમ સજાવતા ગયા એમાં એની અતૂટ શ્રદ્ધા ધરાવતી કૃષ્ણભક્તિ, એના તત્વજ્ઞ પદો,તેમાં ઈશ્વરી ચમત્કારો,તેની રસભરી રાસ સામગ્રી વગેરે પર અનેક પુસ્તકો,સમીક્ષાઓ,પોતપોતાની વિચારસરણી મુજબ લખાતા ગયા.

પ્રસ્તુત લેખમાં મારે એ બાબતની થોડી વિસ્તૃત ચર્ચા મુખ્યત્વે ત્રણ બાબત ઉપર કરવાની છે. (૧) ભક્ત કવિશ્રી નરસિંહ મહેતાની તમામ રચનાની હસ્તપ્રત તથા ભાષા (૨) તેમની રાગરાગીણી ઉચ્ચ કક્ષા (૩) તેમને વિશ્વકક્ષાએ મૂકવામાં જ્ઞાતિનો ફાળો.

પ્રથમ આપણે નરસિંહ મહેતાની રચના,હસ્તપ્રત અને ભાષા વિશે વિચારીએ.નરસિંહ મહેતાના પૂર્વજો વેપાર ધંધાથી લઈને વેદ વેદાન્તના જાણકાર હતા.સાહસિક હતા,એ આપણને તેનો પૂર્વાધ જોતાં જોવા મળે છે એટલે નરસિંહ મહેતામાં એ તમામ ગુણો ઉપરાંત પૂર્ણ ભક્તિ,ઈશ્વરશ્રદ્ધાનો સમાવેશ થતાં તેનામાં

વિદ્વત્તા આપોઆપ પ્રભાવિત થતાં તેની ભક્તિમાત્ર જ્ઞાન અને ધ્યાનની મર્યાદામાં ન રહેતાં શબ્દોમાં પ્રગટ થવા લાગી અને તેના પદો રચાતાં ગયાં. હવે નરસિંહના જીવનનો અભ્યાસ કરીએ તો તેનું સંપૂર્ણ જીવન તળાજા,માંગરોળ અને જૂનાગઢના સંકુલમાં પૂર્ણ થયેલ.આ ત્રણે ગામો તે જમાનામાં એટલાં સમૃધ્ધ ન હતાં. વિદ્વતાને નામે પણ એ સમયે નરસિંહના સમયમાં આ ગામોમાં કોઈ અભિવ્યક્તિ થઇ હોય તેવા પુરાવા નથી.સાધુ સંતોની ભાવફેરી કે ભક્તિફેરી ગામના ચોરા સુધી મર્યાદિત હતી.કોઈ મોટી શૈક્ષણિક સંસ્થાઓનું પણ અસ્તિત્વ ન હતું.આવા કાળમાં નરસિંહની આટલી સમૃદ્ધ,વિદ્વતાભરી, તત્વજ્ઞાનભરી અને રસભરી રચનાઓ જે ઉદ્‌ભવી,અને આજની તારીખે પણ આપણી પાસે જોવા મળે છે તે બધી રચનાઓ જે કેવી રીતે સચવાયેલ,તે લખાણોની નાની પણ હસ્તપ્રત કોઈ પુરાતત્વવિદ્ પાસે હોવાનું સાંભળેલ નથી.અલબત આ બાબતમાં મારૂં સંશોધન છે જ નહી અને એટલો ઊંડો અભ્યાસુ પણ નથી છતાં જીજ્ઞાસા ખાતર જાણવાના પ્રયાસમાં પણ સફળતા મળી નથી.તો આપણા હાલના વિદ્વાનો પાસે આવી કોઈ પુરાવા સહીતની માહિતી હોય તો રજૂ કરી માત્ર જ્ઞાતિની જ નહી સાહિત્ય જગતની બહુ મોટી સેવાકીય ફલશ્રુતિ રહેશે.બીજો મુદ્દો ભાષા અને ભાષાની શુદ્ધતાનો.પાંચસો વર્ષ પહેલાં ગુજરાતની ભાષા છેલ્લા સો,બસો વર્ષમાં શુદ્ધ અને સમૃધ્ધ જોવા મળે છે તેવી ન હતી.અને સ્વાભાવિક છે કે ત્યારે એટલો બૌધિક વિકાસ જ ન હતો.એક વિદ્વાન વડીલ સાથેની ચર્ચામાં જાણવા મળેલ કે તે કાળમાં ગુજરાતી નહી પરંતુ ગુર્જર ભાષા હતી અને તે રાજસ્થાની અને ગુજરાતી બંને ભાષાના સમન્વયની હતી,તો નરસિંહ મહેતાની રચનાઓમાં સંપૂર્ણ ગુજરાતી ભાષાની શુદ્ધતા કઈ રીત જોવા મળે છે.વળી એમ પણ શક્ય બને કે તે સમયે સાહિત્યમાં ગદ્ય કરતાં પદ્યનું વિશેષ મહત્વ હતું અને નરસિંહની રચનાઓ કલમને બદલે કંઠસ્થ સ્થિતિમાં પ્રવાહિત રહેલ હોય અને કાર્યકાળે તેમાં શુધ્ધતાનો ઉમેરો થતો આવ્યો હોય અને શબ્દદેહ ધારણ કર્યો હોય જેથી નરસિંહની રચનાઓની હસ્તપ્રત ન મળી શકે. પરંતુ અતિશયોક્તિ લાગે તેવું એક વિધાન એક પુસ્તકમાં વાંચેલ કે નરસિંહ મહેતાના સવાલાખ જેટલાં પદો હતાં તો આટલાં પદો કોઈ એકને કંઠસ્થ ન હોય.ભગવાનની કોઈ ભાષા નથી તેની ભક્તિ અને તેની ભાવપૂર્ણ શ્રદ્ધા જે કંઇ કંઠેથી વહેતી થાય તે ભગવાનની ભાષા બની જાય.નરસિંહમાં આવું જ એક અદ્‌ભુત તત્વ જરૂર હતું જેના થકી તેના કંઠે વહેતી સરસ્વતી એક મૌલિક ભાષા બની,નદીના પ્રવાહની જેમ વહેતી ગઇ અને સંગ્રાહતી ગઇ.આમ આ અંગે પણ થોડું સંશોધન થાય તો તેમાં પણ વધુ પ્રકાશ પડે.

ભક્તિ રચનાઓ અને રાગ રાગીણીને સીધો સંબંધ છે. જેમ મધની મીઠાશ કુદરતી છે તેમ ભક્તિભાવની રચનાઓમાં સંગીતનું માધુર્ય સાહજીક છે.મારી એક રચનામાં મેં ઉલ્લેખ કર્યો છે કે 'પ્રભુ સ્મરણમાં થાયે જ્યારે આંખો ભીની ભીની,સમજો ત્યારે આવી રહી છે ભક્તિ ધીમી ધીમી' આમ ભકિત અને ભીની આંખ અને ભીની આંખને સંગીત સાથે કુદરતી જ સંબંધ છે અને આમ પણ સામવેદના કાળથી સંગીતને એક દૈવી તત્વ ગણેલ છે.આપણી સંસ્કૃતિનું મહત્વનું અંગ સંગીત,રાગ રાગીણીનું છે. તેથી નરસિંહની તમામ રચનાઓમાં સંગીત સાધ્ય જ છે. આમ નરસિંહની રચનાઓમાં તેમાં રહેલા તત્વજ્ઞાનની સાથે તેમની શબ્દ રચનાનો સંગીતજ્ઞ તાલમેલ જે રીતે રચાયેલ છે તેનાથી તેનું મૂલ્ય અનેકગણું વધી જાય છે. અલબત આ બધી સંગીતની ધૂનો કોઈ ચોકકસ રાગમાં જ અનુબધિત કરેલ છે પરંતુ જાણકારો દ્વારા એ ધૂન કોઈ ચોક્કસ રાગમાં ઢળેલી છે તેવું પ્રભાવિત કરેલ હશે.નરસિંહ મહેતાના એ કાળમાં તેના કોઈ સંગીતગુરૂ પાસે તાલીમ મેળવ્યાની જાણકારી નથી અલબત મને નથી.છતાં નરસિંહને સંગીતની અમૂલ્ય કુદરતી બક્ષીસ હતી.તેનો ઈન્કાર ન કરી શકાય.(નરસિંહ મહેતાની વિદ્વતાને વિશ્વ સમક્ષ મૂકવામાં જ્ઞાતિના ફાળા વિશે આવતા અંકે..)

# હૃદય રોગને કેવી રીતે અટકાવશો ?

[ તા. ૭ એપ્રીલ ૧૯૭૨ ના રોજ વિશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O) તરફથી વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે હૃદયરોગ કેમ અટકાવશો ? તેની પ્રચાર ઝુંબેશ યોજવામાં આવેલ તે પ્રસંગને અનુરૂપ આ લેખ ઉપયોગી માહિતી પૂરી પાડશે.

–તંત્રી ]

હૃદયરોગનું પ્રમાણ વધતું જાય છે. એમેરીકા, ઇંગ્લાંડ જેવા દેશોમાં વિશેષ છે તો આપણે ત્યાં હિંદમાં પણ છેલ્લા ત્રણેક દશકાથી વધતું ચાલ્યું છે.

હૃદય રોગથી બચવા માટે ચેતક કરવું જરૂરી છે. આ હકીકત ને લક્ષમાં રાખી વિશ્વ આરોગ્ય દિન ઊજવવાનું નક્કી થયું છે તે યોગ્ય જ છે.

'ચેતતો નર સદાય સુખી' આ કહેવત યાદ રાખી આપણે હૃદય રોગના સંભવિત જોખમકારક કારણોથી શક્ય તેટલા દૂર રહેવું જોઇએ. આ રોગનો ભય, સુખી ખેંઢાડુ જીવનવાળા મોટી ઉમરના ને જ છે તેવું હવે રહ્યું નથી. અતિશય મહેનત કરતા, શરીર દુબળા, યુવાન વયનાને પણ ભય ખરો. નીચે દર્શાવેલ સંભવિત કારણોમાંથી જો ત્રણ ચાર ભેગા મળે તો હૃદય રોગનો સંભવ વધે છે. અને તેથી વધારે કારણો ભેગાં થાય તેમ તેમ રોગ આપણી નજીક અને નજીક આવતો કલ્પી શકાય. છતાં તેથી ડરવા જરૂર નથી, સમજી વીચારી કારણો દૂર કરશું તો હૃદયરોગને પણ દૂર રાખી શકીશું.

**Stress and strains** :– જીવનમાં ધમાલ અને ઉશ્કેરાટને લઇ મન અને મગજની સ્થિતિ તંગ રહે છે, તેના પરનો ભાર અને ખેંચાણ વધે છે. આબાલવૃદ્ધ આમાંથી છટકી શકતાં નથી સિવાય કે સાદું, શાંત, જીવન જીવીએ અને દેખાદેખી, આડંબર, બીજાથી આગળ પડતાં થવાની ઉશ્કેરાટ ભરી હરીફાઇ ન કરીએ મહત્વાકાંક્ષા જરૂર રાખીએ પરંતુ ઉશ્કેરાટ નહિ.

**૨. માનસિક આઘાત** :– અતિ દુખ કે અતિ સુખ જીરવી શકવા માટે મન અને મગજ શાંત રાખી વિચારવાની અને સહન કરી લેવાની જરૂર છે. મનને આ રીતે કેળવવું જોઇએ.

**૩. અતિશય ખોરાક** :– ખોરાક ખાવામાં સંભાળપૂર્વક નિયંત્રિત હોવું જરૂરી છે. પ્રમાણસર ખોરાક લેવો જોઇએ કે જેથી આપણે ઓછપને કારણે થતાં દર્દોથી દૂર રહી શકીએ તેમ છતાં વધારે ખાવું નુકશાન કારક છે. ખાસ કરી મેદ ચરબીવાળા શરીર હોય તેમણે તો ખોરાક લેવા પર ખાસ ધ્યાન આપવું જોઇએ. Excess can kill a person earlier than the deficiency can." ખોરાકમાં ચરબીવાળા પદાર્થ ૩૫ થી ૪૦ ટકાથી વિશેષ ન જોઇએ. તેમણે "Low calory diet" આખા દિવસમાં ૧૫૦૦ થી ૨૦૦૦ કેલરી–જેટલો લેવો જોઇએ અને તે નીચે દર્શાવેલ પ્રમાણમાં મળી રહેશે. ખોરાક દિવસમાં ત્રણ ચાર ભાગે કટકે કટકે લેવો વધારે હિતકર છે.

આખા દિવસનું ખોરાકનું પ્રમાણ–જેમાથી કુલ–૧૫૦૦ થી ૨૦૦૦ જેટલી કેલરી મળી શકશે.

| | |
|---|---|
| ઘઉં–બાજરો અગર લોટ | ૬° |
| કઠોળ .... ... | ૩½" |
| લીલોતરી ભાજી જેવા શાક | ૮" |
| કંદમુળ ,, | ૨" |
| અન્ય ,, | ૨" |
| ફળ .... ... | ૨" |
| સાકર, ખાંડ, ગોળ વીગેરે બધું મળી | ૨" |
| માખણ—ઘી–તેલ | ૧½" |
| દુધ–દહીં વીગેરે | ૧૬" |
| મસાલા વીગેરે | ½" |

આમાં સગવડ મુજબ થોડા ફેરફાર કરી શકાય પરંતુ કેલેરીની ગણત્રી ખ્યાલમાં રાખવી ઘી–તેલને સ્થાને સૂર્યમુખી તેલ, ચરબીવાળાં માટે અને હૃદય રોગનો સંભવ હોય તેમને માટે વધારે સારું છે. તે ન મળી શકે ત્યારે માંડવી કે તલનું તેલ પણ વાપરી શકાય. ઘીનો ઉપયોગ ઓછો કરવો યોગ્ય ગણાશે.

૪. આરામનો અભાવ અને કસરતનો અભાવ નુકશાનકારક છે. અઠવાડીયામાં એક દિવસ અને વર્ષમા એક મહિનો આરામ લેવાથી ઘણો ફાયદો રહે છે. આરામમાં શકય હોય ત્યારે સ્થળ ફેર અને વ્યવસાય અગર કાર્ય ફેર કરવાં. તેથી મન અને મગજને શાંતિ મળશે. કસરત શરીરને અમુક અંશે ઘણી જરૂરી છે. શાંતસ્વસ્થ ચિત્તે કસરત કરવી. તેમાં ખુલ્લી હવામાં ફરવાનું, દોડવાનું, તથા હળવા આસન વગેરે દરેકની વ્યકિતગત અનુકુળતા પ્રમાણે ગોઠવવું.

૫. શકિત કરતાં વધારે મહેનતથી થાક લાગે અને દર્દને નજીક બોલાવે છે. જેથી કસરત અને મહેનતના કામ દરેકે પોતાની શકિતના પ્રમાણમાં કરવાં. અતિશય મહેનત નુકશાન કારક છે.

૬. લાંબા સમયની બીમારી પછીની અતિ નબળાઇ હોય ત્યારે પણ સંભાળપૂર્વક રોજીંદા જીવનના કામકાજ અને વ્યવસાયમાં શકિત પ્રમાણે વધારો કરતા જઇ પૂર્વવત સ્થિતિએ પહોંચવું.

૭. બ્લડપ્રેસર, મીઠી પેશાબ (ડાયાબીટીશ) જેવા દર્દથી પીડાતાં દર્દીઓએ સારવાર નિયમિત કચાશ રાખ્યા વગર લેવી તથા પોતાનું જીવન વિચારપૂર્વક મર્યાદિત રીતે જીવવું યોગ્ય ગણાય.

ધુમ્રપાન તથા દારૂનાં વ્યસન નુકશાન કારક છે. અતિશય પ્રમાણ રોગને આમંત્રણ આપે છે. શકય હોય ત્યાં સુધી બંને સદંતર બંધ કરવા જોઇએ.

વારસાગત કારણ દૂર રાખવું આપણી હકુમત બહારનુ ગણાય પરંતુ એ કારણ હોય ત્યારે તેનો સંગાથ બીજાં કારણો ન કરે તેટલું જરૂર કરી શકાય. -શાંત, સ્વાસ્થ, નિયમિત અને નીયંત્રીત જીવન જીવવું-

—એક ડાકટર

'સુભાષિતો'

(૧) परोक्षे कार्यं हन्तारं प्रत्यक्षे प्रियवादिनम् ।
वर्जयते तादशं मित्रं, विषकुंभ पयोमुखम् ॥

પરોક્ષમાં કાર્યનો નાશ કરનાર અને પ્રત્યક્ષમાં મીઠું મીઠું બોલનારા મિત્રનો, અંદરથી ઝેર અને ઉપરથી દૂધ ભરેલા ઘડાની જેમ ત્યાગ કરવો.

(૨) धनानि भूमौ पशवश्च गोष्ठे,
मार्या गृहद्वार जन स्मशाने ।
देहश्चितायां परलोक मार्गे,
कर्मानुगो गच्छति जीव एक ॥

ધન ભૂમિમાં, પશુઓ ગમાણમાં, મરણ પછી સ્ત્રી ઘરના દરવાજા સુધી, સગાંકુટુંબીઓ સ્મશાન સુધી અને શરીર ચિતા સુધી રહે છે. પરંતુ જીવને તો એકલાજ જઇ કર્મો પ્રમાણે ફળ ભોગવવા જન્મ ધારણ કરવો પડે છે.

—શ્રીમતી કૌશલ્યા જી. અંજારીયા
સુરત

## ફોટો

— અછાંદસ —

ફોટુ લીધો ફોટોગ્રાફરે,
ગમ્યો. શેં ના ગમે ?
ચિત્તમાં ચોટી'તી યુવાની,
ફૂલેલ ગાલ, ઓળેલ બાલ, નજર દીવાની
નશાની વળેલ ગાંઠ,
તન સૂકેલ શેરડીનો સાંઠો;
ત્વચા ઢીલી લડબડે;
લુલી લવ લવ જેવું બડબડે;
ખોદી કાઢયો ચહેરો ફોટોગ્રાફરે.
તોયે અનુભવ રેખાંકિંત જ્ઞાન પ્રોજ્જવળ.
ઘરડાંનો ચહેરો કો'ને ગમે ?
ઘરડાંને કે યુવાનોને ?

—કાંતિલાલ શંકરલાલ પોટા
પોરબંદર.

**સુવિચાર :** સંકલન : ડાકોરભાઇ ત્રિવેદી, રાજકોટ.

(૧) સારા મિત્ર તમને સારો બનાવશે
ખરાબ મિત્ર તમને જલદી બગાડી મૂકશે.

(૨) જે માણસ પોતાનું ધન કોઈને પણ આપતો નથી તે પાપ ખાય છે.

(૩) ચરિત્ર જ મનુષ્યની સૌથી મોટી મિલ્કત છે. ચારિત્રહીન વ્યક્તિ કોઈપણ ક્ષેત્રે નુકશાનકર્તા છે.

(૪) મનની શાંતિ સિવાયની કોઈપણ સફળતા સફળતા જ નથી.

(૫) આપણી જરૂરીયાત જેટલી ઓછી થતી જાય છે એટલા આપણે વધુ ઈશ્વરની નજીક જઈએ છીએ.

વિચાર કક્કો :

ક કકા કર મનથી વિચાર
શા માટે મનથી વિચાર
કર વિચાર ને શોધી લે સાર
શોધી સાર ને જીવન સુધાર
સુધર્યું જીવન તો બેડો પાર,
ક કકા કર મનથી વિચાર
ખખ્ખા, ખામી કાઢી નાખ,
શુભ ભાવના હૈયે રાખ,
સહુનું હિત તું દિલમાં દાખ
ખખ્ખા, ખામી કાઢી નાખ,

૧. ઊંચે બેઠેલ કે નીચે કચડાયેલ સાફ સુફ કે પછી માટીમાં રગદોળાયેલ દરેક વ્યક્તિ અમૂલ્ય જ હોય છે. ક્યારેય પોતાની જાતને નીચી ન ગણવી જોઈએ. એટલું હંમેશાં યાદ રાખવું જોઈએ કે આપણે સ્પેશિયલ છીએ, ખાસ છીએ અને અમૂલ્ય પણ છીએ.

૨. અંગ્રેજીમાં એક કહેવત છે કે Look before you Leap કૂદકો મારતાં પહેલાં જોઈ લેવું સારૂં.

૩. એક સુંદર અને પવિત્ર હૃદય આપણી જિંદગીને ઉત્તમ બનાવી શકે જે આખી દુનિયાની સંપતિથી પણ શક્ય ન બને.


૪. અંગ્રેજીમાં કહેવત છે કે Evil begets evil કોઈનું ખરાબ કરીએ તો આપણે પણ એ ચક્રના દાંતામાં ક્યારેક તો ફસાવાના જ ! એમાં છૂટકો જ નથી. દુનિયાને જે આપણે આપીએ એ જ આપણને પાછું મળતું હોય છે.

૫. આપણે કોઈપણ વ્યક્તિ કે પરિસ્થિતિને મુલવતાં પહેલાં એમના વિશે ત્વરિત અભિપ્રાય બાંધી લેતાં પહેલાં થોડુંક ખમવું જોઈએ. એવું કરવામાં કાંઈ ખોટ નથી જતી પરંતુ ક્યારેક પેટ ભરીને પસ્તાવો કરવામાં બચી જવાતું હોય છે.

૬. જ્યાં સુધી 'મારૂં' હતું, 'મમત્વ' હતું ત્યાં સુધી દુઃખ હતું. જે એ ગયું કે વેદના, આઘાત કે પીડા બધું જ ગાયબ થઈ ગયું. દુઃખ મમત્વ સાથે જોડાયેલું હોય છે. એનો અંત આવતાં જ સુખ અને શાંતિની શરૂઆત થાય છે.

ક્યારેય સંઘર્ષ છોડશો નહી...આજે તમને તમારૂં ભવિષ્ય અંધકારમય લાગતું હોય પરંતુ કાલે સફળતાનો સૂરજ જરૂર ઊગશે. હિંમત હારશો નહી. બધું જ બદલાતું હોય છે. ફક્ત રાહ જુઓ. ભાંગી પડતાં પહેલાં કે હતાશ થતાં પહેલાં એટલું જરૂર વિચારવું જોઈએ કે દરેક રાત પછી એક દિવસ આવતો જ હોય છે. એ જ સૃષ્ટિનું ચક્ર છે, એ જ સત્ય છે.

If you work hard give it time and don't give up. Things will always get better often times our dreams lie in wait just a little further upstream... all we need is courage to push beyond the river. - Alex Milar



**ABM TRAVELS**

Since Foreign travel destinations are yet to open for tourists and flights are also not fully operational, you have good opportunity to visit our own "Apna Desh Dekho, Gumo, haro faro maja Karo" during diwali festival holidays places-Leh Ladakh (most sought after this season) Kashmir, Kerala, Lakshadweep, Kanyakumari,Andaman,Pondicherry, Mahabalipuram, Coorg Kabini,Ooty, Shimla Manali, Delhousie, Dharmshala, Nainital, Rishikesh Mussoorie Corbet, Darjeeling, Gangtok and many more.

Young and enthusiastik travellers can explore new destination like Assam Meghalaya, Arunachal Pradesh,Tripura,Manipur,Meghalaya and Nagaland, Wild Life Centure,National Parks, Cruise.

હવે રાહ જોવાની જરૂર નથી..નિર્ણય તમારો સજ્જતા અમારી... ચાલો જલ્દી તૈયાર થઈ જાવ અને નીકળી પડો દેશના પ્રવાસે !

**If anyone still intersted to travel in foreign countries than Nepal,Dubai,Maldives and Thailand are open with some restrictions.**

**Contact : abmtravels@gmail.com**
**09820817318**





સુબોધભાઇ : 'આ શું? વરરાજાને શુભ હસ્તે લોટરીનો ડ્રો ચાલી રહયો છે?

વરના બાપ : નારે,હમણાનાં નિયંત્રણ પ્રમાણે જમણવારમાં નિયત સંખ્યા કરતાં વધારે મહેમાનો બોલાવી શકાતા નથી ને, તેથી લગ્નમાં આવેલા મહેમાનોમાંથી વેવાઈને માંડવે કોણ કોણ જમણમાં જાય તેની ચિઠ્ઠી વરરાજાને હાથે ખેંચવામાં આવે છે,એમાં કોનાં નામ નીકળે છે તેની બધા આનુરતાપૂર્વક રાહ જોવે છે !'—રમેશ બૂચ,મુંબઇ


જીવન વિમો તમારા માટે નથી,
એ એમની માટે છે જેને તમે બેહદ પ્રેમ કરો છો..
જી હા, વિમા ક્ષેત્રમાં વર્ષોના અનુભવી એવા
શ્રી પાર્થેશ નાણાવટી આપના અને
આપના પરિવાર માટે વિમા રોકાણ,
ઈન્વેસ્ટમેન્ટ બાબતોને સરળ કરવા સેવાકૃત છે.
♦ટર્મ પ્લાન ♦ બાળ યોજના ,
♦ગેરેન્ટેડ ગવર્નમેન્ટ વળતર,
♦માર્કેટ આધારીત પ્લાન♦ બીઝનેસ ઈન્સ્યુરન્સ
♦પેન્શન/રીટાયરમેન્ટ પ્લાન,
♦માસિક આવક યોજના વગેરે...
તો આજે જ સંપર્ક કરો, કોલ કરો અથવા
વોટ્સએપ કરો : પાર્થેશ નાણાવટી—રાજકોટ
મો. ૯૯૦૪૨૦૦૨૦૪

**તમારી આજને સમૃદ્ધ, કાલને સુરક્ષિત બનાવો**



**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,**
**સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫**


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**

આપના સ્નેહી સંબંધીઓને જણાવશો કે...
કકબ પોસ્ટ દ્વારા મગાવવા ઓગસ્ટથી જૂલાઈના વર્ષનુ લવાજમ રૂા. ૨૦૦/— સ્વીકારવામાં આવે છે. જે અહી ઉપર↑આપેલા બેંક એકાઉન્ટ નંબરમાં સીધા ભરી શકાય છે.અથવા ૯૪૨૮૭૦૦૧૦૫ નંબર ઉપર 'પેટીએમ' પણ કરી શકો છો. પૂછપરછ તથા સમાચારો મોકલવા આ નંબર નોંધી લેશો. આપના સાથ સહકાર બદલ આભાર. —વિ.શાં.ધોળકિયા